# નોંધણી સર્વેક્ષણ: વિભાગ I

**વિભાગ I: દક્ષિણ કેરોલિનાની જાહેર શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓને પ્રથમ વખત નોંધણી અને દર વર્ષે માટેની નોંધણી પર નોંધણી સર્વેક્ષણ (ES) નો આ ભાગ ભરવો અતિ આવશ્યક છે.**

અહીં ES દ્વારા એકત્રિત કરવામાં આવેલ માહિતી ફક્ત શૈક્ષણિક અને કાર્યક્રમના હેતુઓ માટે છે. સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓએ (LEA) ફેમિલી એજ્યુકેશનલ રાઇટ્સ એન્ડ પ્રાઇવસી એક્ટ (FERPA)ની માર્ગદર્શિકાનું પાલન કરવું આવશ્યક છે. સંઘીય કાયદા હેઠળ, તમામ બાળકો, તેમની નાગરિકતા અથવા રહેઠાણના દરજ્જાને ધ્યાનમાં લીધા વિના, સમાન મફત જાહેર શિક્ષણ મેળવવા માટે હકદાર છે.

**વિદ્યાર્થીનું નામ:** ______________________________
**જન્મ તારીખ:** ______________________________
**આજની તારીખ:** ______________________________

**અનુવાદ અને અર્થઘટન સેવાઓનો અધિકાર**
તમામ પરિવારોને તેમના બાળકોના શિક્ષણ વિશેની માહિતી તેઓની માતૃભાષામાં મેળવવાનો અધિકાર છે. તેઓને જ્યારે પણ જરૂર હોય ત્યારે સંસ્થા દ્વારા દુભાષિયા અને અનુવાદક દ્વારા અનુવાદિત દસ્તાવેજો મફતમાં પૂરા પાડવામાં આવે છે.

તમારો પરિવાર શાળા સાથે કઈ ભાષા(ઓ)માં સંવાદ કરવાનું પસંદ કરશે?
**મૌખિક સંચાર ભાષા(ઓ):** ______________________________
**લેખિત સંચાર ભાષા(ઓ):** ______________________________

**ટાઇટલ I, પાર્ટ C: એજ્યુકેશન ઓફ માઇગ્રેટરી ચિલ્ડ્રન/યુથ**
એજ્યુકેશન ઓફ માઇગ્રેટરી ચિલ્ડ્રન/યુથ (MEP) ધી એલિમેન્ટરી એન્ડ સેકન્ડરી એજ્યુકેશન એક્ટ (ESEA) ના ટાઇટલ I, પાર્ટ C દ્વારા અધિકૃત છે, જે 2015ના એવરી સ્ટુડન્ટ સક્સેસ એક્ટ (ESSA) દ્વારા સંશોધિત કરવામાં આવ્યું છે. MEP કૃષિ દ્વારા રોજગાર મેળવતા પરિવારો કે જેમના બાળકોને ઉંમર (0-21 વર્ષ) વચ્ચેની છે તેમને વિવિધ શૈક્ષણિક સેવાઓ પૂરી પાડે છે. આ કાર્યક્રમ તમામ પાત્ર પરિવારો માટે મફત છે અને તેમાં ટ્યુશન સેવાઓ, મફત બપોરનું ભોજન, ઉનાળાના કાર્યક્રમો, માતાપિતા સાથેની વિવિધ પ્રવૃતિઓ અને જરૂરિયાત મુજબ અન્ય સેવાઓનો સમાવેશ થઈ શકે છે.

છેલ્લાં ત્રણ (3) વર્ષમાં, શું તમારા પરિવારમાંથી કોઈ બીજી શાળા જિલ્લા, રાજ્ય, શહેર અથવા દેશમાંથી સ્થાનાંતરીત થયું છે? હા ☐ ના ☐

પાછલા છ (6) વર્ષોમાં, શું તમારા પરિવારમાંથી કોઈએ નીચેનામાંથી કોઈ વ્યવસાયમાં કામ કર્યું છે? તેમાં ઇમારતી લાકડાનું વાવેતર/ઉત્પાદન, કાપણી, ખાદ્ય પ્રસંસ્કરણ પ્લાન્ટ (જેમ કે મરઘાં, ડુક્કરનું માંસ, ગૌમાંસ અથવા શાકભાજી), પેકિંગ હાઉસ (ફળો અને શાકભાજી), ડેરી ફાર્મ અથવા અન્ય સામાન્ય ખેત સબંધી કાર્ય નો સમાવેશ થાય છે. હા ☐ ના ☐



**મેકકિની-વેન્ટો**
આ સર્વેક્ષણ મેકકિની-વેન્ટો એક્ટ, યુ.એસ.સી. 42 11431 એટ સેકનું પાલન કરે છે. તમારા જવાબો એ નક્કી કરવામાં મદદ કરશે કે વિદ્યાર્થી મેકકિની-વેન્ટો એક્ટ હેઠળ પૂરી પાડવામાં આવતી મફત સેવાઓ અને શૈક્ષણિક અધિકારો માટેની લાયકાતની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે કે નહીં, તેમાં જરૂરી દસ્તાવેજોનો અભાવ હોવા છતાં તાત્કાલિક શાળા નોંધણીનો પણ સમાવેશ થાય છે. પસંદ કરેલ રહેઠાણ વિકલ્પના આધારે, લાયકાત નક્કી કરવા માટે સર્વેક્ષણને જિલ્લા મેકકિની-વેન્ટો લાયઝનને સબમિટ કરવામાં આવશે.

**તમે અત્યારે ક્યાં રહો છો તે વિષેની સાચી માહિતીનું વર્ણન?**

- ☐ એક પરિવાર રહી શકે તેવું ઘર/ એપાર્ટમેન્ટ/ટ્રેલર
- ☐ સતત બદલાતા આવાસ
- ☐ આવાસ ગુમાવવા અથવા આર્થિક મુશ્કેલીને કારણે અન્ય લોકો સાથે રહેતા
- ☐ એક સ્થાનથી બીજે સ્થાન બદલતા નિવાસસ્થાન/ કોચસર્ફિંગ
- ☐ કાર, પાર્ક, અથવા તેના જેવુ સમાન સ્થાન
- ☐ મોટેલ
- ☐ કેમ્પિંગ મેદાન
- ☐ અપૂરતી સુવિધાઓ ધરાવતા રહેઠાણમાં (પાણીવિહીન, ગરમીવિહીન, વીજળીવિહીન, પ્લમ્બિંગવિહીન, ભીડવાળા અને ઉપદ્રવિત વિસ્તાર વગેરે)
- ☐ કૃષિ શિબિર
- ☐ આશ્રિત
- ☐ કુદરતી આફત (વાવાઝોડું, પૂર, વગેરે) આપત્તિ દ્વારા વિસ્થાપિત.
- ☐ COVID-19ને કારણે વિસ્થાપિત
- ☐ અન્ય:

# નોંધણી સર્વેક્ષણ: વિભાગ II

**વિભાગ II: નોંધણી સર્વેક્ષણનો આ ભાગ દક્ષિણ કેરોલિનાની જાહેર શાળાઓમાં પ્રથમ વખત નોંધણી પર તમામ વિદ્યાર્થીઓ માટે પૂર્ણ કરવો આવશ્યક છે અને નોંધણી વખતે વાર્ષિક પૂર્ણ કરવામાં આવ્યો નથી.**

**ટાઇટલ III, પાર્ટ A: વિવિધ ભાષા શીખવા માટેનો કાર્યક્રમ (MLP) અને બીજા દેશમાં વસેલાં બાળકો અને યુવાનો**

MLP કાર્યક્રમ ESEAએ દ્વારા સંશોધિત ESEAના ટાઇટલ III, પાર્ટ A નું પાલન કરે છે. MLP પ્રોગ્રામ વિવધ ભાષા શીખનારાઓ (MLs) અને બીજા દેશથી વસેલાં બાળકો અને યુવાનો કે જે અંગ્રેજી સિવાયની ભાષાઓ બોલે છે તેમને વિવિધ શૈક્ષણિક સેવાઓ પ્રદાન કરે છે. આ કાર્યક્રમ બધા પાત્ર વિદ્યાર્થીઓ માટે મફત છે અને ભાષા સંપાદન માટે મદદ પૂરી પાડે છે.

**માતૃ ભાષા સર્વે (HLS)**

ડિસ્ટ્રિક્ટ શાળાઓ અને ચાર્ટર શાળાઓએ દરેક વિદ્યાર્થીના ઘરમાં બોલાતી ભાષા નક્કી કરવી જરૂરી છે જેથી તેમની વિશિષ્ટ ભાષાની જરૂરિયાતોને ઓળખી શકાય. HLSનો હેતુ વિદ્યાર્થીની પ્રાથમિક અથવા માતૃ ભાષા નક્કી કરવાનો છે અને તે તમામ વિદ્યાર્થીઓને સાઉથ કેરોલિના પબ્લિક સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અથવા ચાર્ટર સ્કૂલમાં પ્રારંભિક નોંધણી વખતે એક સાથે આપવામાં આવે છે અને તે વિદ્યાર્થીના કાયમી રેકોર્ડમાં રહેવી જોઈએ.

વિદ્યાર્થીની ભાષા વિશેની માહિતી એવા વિદ્યાર્થીઓને ઓળખવામાં મદદ કરે છે કે જેઓ સફળતા માટે જરૂરી અંગ્રેજી ભાષા કૌશલ્ય વિકસાવવા માટે **મફત** સહાયતા માટે લાયક છે. જો નીચે આપેલા ત્રણ HLS પ્રશ્નોમાંથી કોઈપણ માટે અંગ્રેજી સિવાયની અન્ય ભાષા નોંધ કરવામાં આવે છે તો વિદ્યાર્થી ભાષા સહાયતા માટે પાત્ર છે કે કેમ તે નક્કી કરવા માટે અંગ્રેજી ભાષા પ્રાવીણ્ય (ELP) પરીક્ષણ જરૂરી હોઈ શકે છે. જો વિદ્યાર્થી લાયકાત ધરાવે છે તો તેઓ ML તરીકે સેવાઓ મેળવવા માટે હકદાર રહેશે અને તેમની અંગ્રેજી ભાષાની નિપુણતા નક્કી કરવા માટે વાર્ષિક મૂલ્યાંકન કરવામાં આવશે.

પરિવારોએ HLS અને MLP કાર્યક્રમના હેતુ અને ઇરાદાને સંપૂર્ણપણે સમજવો જોઈએ. **જો તમને કોઈ પણ પ્રશ્નો હોય, તો તમે HLS પૂર્ણ કરતા પહેલા તમારા જિલ્લાના ટાઇટલ III/ MLP સંયોજકનો સંપર્ક કરી શકો છો.**

1. **વિદ્યાર્થી** દ્વારા શીખવામાં આવેલ પ્રથમ ભાષા? ______________________________
2. **વિદ્યાર્થી** દ્વારા વારંવાર બોલવામાં આવતી ભાષા? ______________________________

3. વિદ્યાર્થી દ્વારા બોલાતી ભાષા વિના **ઘરમાં કઈ પ્રાથમિક ભાષા(ઓ)** વપરાય છે?____________

**અગાઉનું શિક્ષણ**

પ્લાયલર વિ. ડો, આ ફોર્મ વિદ્યાર્થી અથવા પરિવારની ઇમિગ્રેશન સ્થિતિ વિશે પૂછપરછ કરતું નથી. આ ફોર્મનો હેતુ તમારા વિદ્યાર્થીના અગાઉના શિક્ષણ અને અગાઉથી અસ્તિત્વ ધરાવતા જ્ઞાન અને કુશળતા વિશે માહિતી એકત્રિત કરવાનો છે.

શું **વિદ્યાર્થી**ને અગાઉની શાળામાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ મેળવ્યું છે? હા ☐ ના ☐ ખબર નથી ☐

**વિદ્યાર્થી**નું જન્મસ્થળ કયા દેશમાં છે? ________________________________________

જો યુનાઇટેડ સ્ટેટ્સ, ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા અથવા કોમનવેલ્થ ઓફ પ્યુર્ટો રિકોની બહાર જન્મ્યો હોય, તો વિદ્યાર્થીએ પહેલી વાર યુનાઇટેડ સ્ટેટ્સની શાળામાં ક્યારે અભ્યાસ કર્યો હતો?

________________________________________
**મહિનો** **દિવસ** **વર્ષ**

---

માતાપિતા/વાલીનું નામ: ________________________________________________

માતાપિતા/વાલીના હસ્તાક્ષર: ______________________________________________

*તમારી સહી પ્રમાણિત કરે છે કે તમે આપેલ ટાઇટલ III, પાર્ટ A વાંચ્યા છે, અને તમે તેને પૂરી માહિતી સાથે પૂર્ણ કરેલ છે.*



DO NOT PURGE